**ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૭ અન્વયે ચુકવણી અંગેની પધ્ધતિ નિયત કરવા બાબત**

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એમસીઆર/૧૦૨૦૧૭/એમએમ-૧૭૫૫/છ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૧૧/૧૦/૨૦૧૭

**વંચાણે લીધા:-**

૧. ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૭ ના નિયમ-૫૨
૨. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની તા.૫/૭/૨૦૧૭ની રજુઆત
૩. કમિશનરશ્રી, ભુસ્તરવિજ્ઞાન અને ખનિજની કચેરીનો તા.૧/૯/૨૦૧૭નો પત્રક્રમાંક: સીજીએમ/લીઝ/પોલીસી/૨૦૧૭-૧૮/૨૧૨૯

**આમુખ:**

રાજ્યમાં ગૌણ ખનિજોના નિયમન, નિયંત્રણ તથા વિકાસ અનુસંધાને વંચાણે લીધેલ ક્રમાંક (૧)થી ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૭ બહાર પાડવામાં આવેલ છે જે તા.૨૪ મે, ૨૦૧૭થી અમલી બનેલ છે. તેમાં પ્રકરણ-૧૪ ચુકવણી(PAYMENTS)નાં નિયમ-૫૨માં દર્શાવ્યા મુજબ નિયમ-૫૦થી રીવીઝન અરજી સંબધિત હોય તે સિવાયની બાબતોએ રાજ્ય સરકાર નિર્ધારિત કરે તે મુજબ ચૂકવણી કરવાની રહેશે તે સબબ જોગવાઇ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨)થી ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશને ચુકવણીની પધ્ધતિ અંગે કરેલ રજુઆત પરત્વે ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંક(૩)થી ખનિજ રોયલ્ટી, પ્રીમિયમ, સિક્યોરિટી ડિપોઝીટ તથા ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન(DMF)ની રકમ સંબંધે કરવાની થતી વસુલાત/ચુકવણી અંગે નિયત પધ્ધતિ નક્કી કરવા સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે.

ઉપરોક્ત સમગ્ર બાબત સરકારશ્રીની વિચારણામાં લઇ પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની ખનિજ રોયલ્ટી, પ્રીમિયમ, સિક્યોરિટી ડિપોઝીટ તથા ડિસ્ટ્રીક્ટ મિનરલ ફંડની ચુકવણીની પધ્ધતિ આથી ઠરાવવામાં આવે છે:

**ઠરાવ:**

- ક્વોરી પરમીટ અન્વયે ભરપાઇ કરવાપાત્ર સિક્યોરિટી ડિપોઝીટમાં રોયલ્ટીની રકમ ૧૦૦% અને રોયલ્ટીની કુલ રકમના ૫૦% મુજબ પ્રીમિયમની રકમના કુલ સરવાળાના ૧૦% મુજબની રકમ પરમીટના સમગ્ર જથ્થા માટે એકસાથે પ્રથમ તબક્કે જ ભરપાઇ કરી દેવાની રહેશે.

(P.T.O)

- રોયલ્ટી, પ્રીમિયમની રકમ તથા ડી.એમ.એફ.ની રકમ માટે જિલ્લા ભુસ્તરશાસ્ત્રી/ મદદનીશ ભુસ્તરશાસ્ત્રી નક્કી કરે તે મુજબ મંજુર થયેલ કુલ જથ્થા માટે મંજુર થયેલ સમયની મર્યાદામાં તબક્કાવાર રકમ એડવાન્સમાં ભરપાઇ કરાવી ઇ-રોયલ્ટી પાસ ઇસ્યુ કરી શકાશે; પરંતુ આ રીતે નક્કી કરાયેલ કોઇ તબક્કો મંજુર થયેલ ક્વોરી પરમીટના કુલ જથ્થાના ૧૦% કરતાં ઓછા જથ્થા માટે નક્કી કરી શકાશે નહી.
- જિલ્લા ભુસ્તરશાસ્ત્રી/ મદદનીશ ભુસ્તરશાસ્ત્રી નક્કી કરે તે મુજબ તબક્કાવાર ભરપાઇ કરવાની થતી રકમ માટે કોઇ ક્વોરી પરમીટધારક દ્વારા જો કોઇ તબક્કાની રકમ ભરપાઇ નહી કરવામાં આવે તો અરજદારશ્રીએ ભરપાઇ કરેલ સિક્યોરિટી ડિપોઝીટની રકમ રીફંડ મળવાપાત્ર થશે નહી.

આ અંગે વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીના તા.૫/૯/૨૦૧૭ના રોજ આદેશો મેળવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.જી.ચૌધરી)
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ/મહેસૂલ વિભાગ/નર્મદા, જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ભુસ્તરવિજ્ઞાન અને ખનિજની કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
  (સર્વે જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.)
- સર્વે રીવીઝન/એપેલેટ ઓથોરિટીશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- એ.જી.કચેરી, અમદાવાદ/રાજકોટ.
- વિભાગની સર્વે શાખાઓ , છ૨
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઇલ